**Extra No. 230**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]    THURSDAY, JUNE 26, 2025 / ASHADHA 5, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

### કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

**હુકમ**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૨૫

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ**

**નંબર: ડીસી/જીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી.૫૫૫૧ થી ૫૫૮૮/૨૦૨૫:** ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને સેક્ટર-૬ મેદાન ઉપવાસી છાવણી ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના તા.૧૦/૦૬/૨૦૨૫ના પત્ર નં.એલ.આઈ.બી/મીસે/જાહેરનામું/૩૯૦૫/૨૦૨૫ થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજૂ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું એન. આર. શર્મા. જી.એ.એસ.., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ ૦૦:૦૦ કલાક થી તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક ૨૪:૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના/ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**વિસ્તાર :** ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર

**અપવાદ :**

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસા/કલોલ (શહેર) એ જેઓને શારીરીક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને અસાધારાણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી તેનું પ્રસારણ કરી પ્રસિદ્ધ કરવામાં આવે.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

**એન. આર. શર્મા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.01 16:36:19 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar